RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

RNI No.: GUJGUJ/2023/87652

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 03 July 2024, Wednesday | Page : 10 | Year : 1 | Issue : 220 | Price: 2/-



અગ્નિકાંડના સાગઠિયાનો 'ખજાનો' ખૂલ્યો

વાંચો પેજ નં. 4

# હાથરસમાં હાહાકાર



# 122ના મોત

## હાથરસ જિલ્લામાં આયોજિત ભોલે બાબાના સત્સંગમાં નાસભાગ થતાં ઘટના સર્જાઇ



ભારત હેડલાઇન, તા.૨

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં આયોજિત ભોલે બાબાના સત્સંગમાં થયેલી નાસભાગમાં ૧૨૨થી વધુ લોકોના મોત થયા છે. મૃતકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ અકસ્માતમાં ૧૫૦થી વધુ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત પણ થયા છે. જો કે, આ દુર્ઘટના સમયે વહીવટી તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ, ઘટના બાદ ઘણાં સમય સુધી ના કોઈ ઉચ્ચ અધિકારી કે ના કોઈ સિનિયર ડોક્ટર ઘટનાસ્થળ પર પહોંચ્યો હતો. ઘણાં સમય સુધી સત્સંગ પંડાલમાં લોકોના મૃતદેહો પડ્યા રહ્યા હતા. ત્યારબાદ મૃતદેહોને ટેમ્પો અને અન્ય ગાડીઓ મારફતે શબ ઘર પહોંચાડવામાં આવ્યા હતા. ઘટના સ્થળ પર એમ્બ્યુલન્સના અભાવે ઘણાં લોકોના મોત થયા હોવાની ચર્ચા હાલ ચાલી રહી છે તેમજ મૃતકોની સંખ્યા હજુ પણ વધવાની આશંકા છે. સત્સંગ દરમિયાન હાજર એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં તંત્ર એ ઘોર બેદરકારી દાખવી છે. તેણે કહ્યું કે, મેં SDMને જણાવ્યું હતું કે અહીં ૩ કલાકથી લાઇટ નથી પરંતુ કોઈએ આ બાબત પર ધ્યાન ન આપ્યું. ઘણા સમય સુધી ઘટનાસ્થળ પર કોઈ પણ ડોક્ટર, એમ્બ્યુલન્સ કે મૃતદેહો લઇ જનારા આવ્યા ન હતા. અન્ય એકે જણાવ્યું કે, ઘટના બાદ ત્યાં ફક્ત એક જ ડોક્ટર હતો. ઉપરાંત કોઈ પોલીસ અધિકારી કે મંત્રી ઘટનાસ્થળ પર આવ્યા ન હતા.



# હાથરસ દુર્ઘટના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન મોદી સહિતનાં નેતાઓએ શોક વ્યક્ત કર્યો

## ઉચ્ચ અધિકારીઓને તપાસના આદેશ અપાયા

ભારત હેડલાઇન, તા.૨

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં આયોજિત ભોલે બાબાના સત્સંગમાં થયેલી ભાગદોડમાં ૧૨૨થી વધુ લોકોના મોત થયા છે. મૃતકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ દૂર્ઘટના અંગે PM મોદીએ ઉત્તરપ્રદેશના CM યોગી આદિત્યનાથને ફોન કરી ઘટનાની પરિસ્થિતિ અને ગંભીરતા વિશે ચર્ચા કરી હતી ઉપરાંત આ ઘટના પર રાષ્ટ્રપતિ, વડાપ્રધાન મોદી સહિત ઘણા નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, 'ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં થયેલી દુર્ઘટનામાં મહિલાઓ અને બાળકો સહિત ઘણા શ્રદ્ધાળુઓની મોતના સમાચાર હૃદયદ્રાવક છે.

વડાપ્રધાન મોદીએ ગૃહમાં પોતાના ભાષણ દરમિયાન આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, યુપીના હાથરસમાં થયેલી દુર્ઘટના દુઃખદ છે, જીવ ગુમાવનારા લોકો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું

કોંગ્રેસ સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. X પર તેમણે લખ્યું કે, ઉત્તરપ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન શ્રદ્ધાળુઓની થયેલા મોતના સમાચાર અત્યંત પીડાદાયક છે. તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઓફિસે ટ્વિટ કરી દૂર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યો છે. ટ્વિટમાં હાથરસ જિલ્લામાં અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવામાં આવી છે. ઘટના પર શોક વ્યક્ત કરતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ઉત્તર પ્રદેશના હાથરસમાં થયેલી દુઃખદ ઘટનાથી મન ખૂબ જ વ્યથિત છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરૂં છું. ભગવાન તેમને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

આ ભયાવહ દુર્ઘટના પછી મુખ્યમંત્રી કાર્યાલયે પણ સંજ્ઞાન લીધું હતું. આ દરમિયાન અનેક લોકોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા હતા. રાજ્ય સરકારે રાહત અને બચાવ કાર્યમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત એડીજી આગરા અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં આ દુર્ઘટનાની તપાસના પણ આદેશ અપાયા છે. યોગી સરકારના નિર્દેશ પછી સરકારના બે વરિષ્ઠ મંત્રી અને મુખ્ય સચિવ સાથે ડીજીપી પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે.

# કોણ છે આ ભોલે બાબા?

## જેમના સત્સંગમાં 122થી વધુ લોકોએ ગુમાવ્યા જીવ

સંત ભોલે બાબા મૂળ કાંશીરામ નગર (કાસગંજ)ના પટિયાલી ગામના રહેવાસી છે. તેમણે જણાવ્યું કે, બાળપણમાં તેઓ તેમના પિતા સાથે ખેતીકામ કરતા હતા. જ્યારે તેઓ યુવાન થયા ત્યારે તેઓ પોલીસમાં જોડાયા. રાજ્યના ડઝનબંધ પોલીસ સ્ટેશનો



ઉપરાંત ઈન્ટેલિજન્સ યુનિટમાં તેમને પોસ્ટ કરવામાં આવ્યો હતો. પરંતુ ૧૮ વર્ષની સેવા પછી તેમણે VRS લીધું હતું. તેમણે જણાવ્યું કે, તેઓ પોતાના ગામમાં એક ઝૂંપડીમાં રહે છે અને લોકોને ભગવાનની ભક્તિનો પાઠ શીખવવા માટે ઉત્તર પ્રદેશ અને નજીકના રાજ્યોમાં ફરે છે. સંત ભોલે બાબાના કહેવા પ્રમાણે, તેમના કોઈ ગુરુ નથી અને તેમને ભગવાન માટે અપાર પ્રેમ છે. એકવાર મને આ અંગે ખ્યાલ આવ્યો તે પછી મેં મારું આખું જીવન માનવ કલ્યાણ માટે સમર્પિત કરી દીધું છે. સંત ભોલે બાબાના લાખો અનુયાયીઓ છે. બે વર્ષ પહેલા જ્યારે દેશમાં કોરોનાની લહેર ચાલી રહી હતી ત્યારે મે, ૨૦૨૨માં ઉત્તર પ્રદેશના ફરુખાબાદમાં તેમના સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટીતંત્રે માત્ર ૫૦ લોકોને જ સત્સંગમાં આવવાની પરવાનગી આપી હતી, પરંતુ કાયદાનો ભંગ કરીને ૫૦,૦૦૦થી વધુ લોકોએ સત્સંગમાં હાજરી આપી હતી. અહીં એકઠી થયેલી ભીડને કારણે શહેરની ટ્રાફિક વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી.

# ભાજપના નામે ભ્રષ્ટાચાર આચરી પોતાના ઘર ભરતા નેતાઓ સામે તપાસની માંગ

## મહાપાલિકામાં વર્ષોથી ટીપી સ્કીમ, કોન્ટ્રાકટ સહિતના કામોમાંથી મલાઇ તારવનારાની પણ તપાસની જરૂર

## જેલમાં પૂર્વ ટીપીઓને મળનારા ભાજપના પૂર્વ ધારાસભ્યને પણ ફીટ કરો : કોંગ્રેસે ફોડ્યો બોમ્બ

ભારત હેડલાઇન, તા.ર

રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની તપાસમાં અનેક મોટા ધડાકા ભડાકા થયા છે અને હજુ પણ તપાસ વચ્ચે કેટલાય માથાઓ ફૂટે તેવી ચર્ચા ચાલી રહી છે ત્યારે કોંગ્રેસે મહાપાલિકામાં વર્ષોથી કર્તાહર્તા એવા ભાજપના પૂર્વ ધારાસભ્યના પૂર્વ ટીપીઓ સાથેના અંગત સંબંધો સામે આંગળી ચીંધી છે. જેલમાં રહેલા અને એસીબી તપાસનો સામનો કરતા અધિકારીને ભાજપના આ નેતા શા માટે મળવા ગયા હતા તેવો સવાલ કરીને તેમની પણ તપાસ કરવા અને આવા નેતાઓની પણ તિજોરી ખોલવાની માંગણી વિપક્ષે કરી છે. ટીઆરપી અગ્નિકાંડના આરોપી પૂર્વ ટીપીઓ એમ.ડી. સાગઠીયાની મિલ્કત માંથી રોકડા અને સોનાનો જથ્થો મળતા તેમને જેલમા મળવા જનાર પૂર્વ ધારાસભ્ય, રા.મ્યુ.કો.માં સંકલન સમિતિના વર્તમાન અને પૂર્વ હોદ્દેદારની પણ તપાસ કરવાની માંગણી પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કરી સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના ગાયત્રીબા વાઘેલાએ જણાવ્યું હતું કે જેલમાં આ અધિકારીને મળવા ભાજપના મોટા નેતા ગયાની વાત જાહેર થઇ ગઇ છે.

ચૂંટણી સમયે કિંગમેકરનો ખિતાબ લઈને ફરતા આ નેતા અને તેના પુત્રના વ્યવહારો પણ ચર્ચામાં આવ્યા છે. અગાઉ એક ટીપી સ્કીમમાં ભ્રષ્ટ ફેરફારોમાં આ નેતાના પુત્રએ મીટીંગો કર્યાનું બહાર આવ્યું હતું. તેવામાં આ સીનીયર ગણાતા પૂર્વ ધારાસભ્યએ પૂર્વ ટીપીઓને જેલમાં મળીને શું ચર્ચા કરી, શું આશ્વાસન આપ્યું તેની પણ સરકારે તપાસ કરાવી, આવા લાગતાવળગતા ભાજપના તમામ નેતાઓ ઉપર તપાસની ગાજ વરસાવી જોઈએ તેવી માંગણી કરી છે. બંને નેતાઓએ નિવેદનમાં જણાવ્યું છે કે, કેન્દ્રથી કોર્પોરેશન સુધી ભાજપનું શાસન છે અને એમાય રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન એટલે ભાજપના ભ્રષ્ટાચારનો અખાડો. હાથમા એના મોમા એવા ઘાટ છે. જગજાહેર છે કે કોર્પોરેશનમાં પાર્ટી સંકલન સમિતિમા શહેર ભાજપ પ્રમુખ, મેયર, સ્ટેન્ડિંગ સહિતના હોદ્દેદારો જ કરોડોના ઓનના કોન્ટ્રાકટ મંજુર કરવા નામંજુર કરવા વધારા નાણા ચુકવવા, ટીપીની મલાઈ દાર દરખાસ્તના પરામર્શ આપવા, ખંડ ફેરવી ખંડણી લેવી, રોડ રસ્તા ભુગર્ભ લાઈટ પાણી આરોગ્ય સફાઈ કચરાનો નિકાલ, સિટીબસ, સિક્યુરીટીમેન પાવરના કોન્ટ્રાકટ સહીતના દરેક કામોમા ભાજપ સંકલનના નામે ચાર લોકો જ વેવાર વહીવટ કરતા હોય છે. આવા દરેક વહીવટદારો પોતાના નામે સગા સંબંધીઓ અને ટેકેદારોના નામે કરોડોની સંપત્તિ ધરાવે છે ખુલ્લેઆમ બંગલાઓ બનાવી રહ્યા છે જેની પાસે સ્કૂટર ન હતું તેઓ હોદો મળતા જ આજે કરોડો મા આળોટે છે. આ શરમજનક ઘટનાક્રમ બાદ પણ આ અગ્નિકાંડના આરોપીઓ એવા રાજકોટ મનપાના કર્મચારી ને જેલમા શુ કામ મળી રહ્યા છે? આવા ભાજપના નેતા પાસે પિડીત પરીવાર ને મળવાનો તેમને ન્યાય અપાવવા માટે નો સમય નથી ત્યારે રાજ્યની કહેવાતી ગતિશીલ ભાજપ સરકારે ભાજપના નામે ભ્રષ્ટાચાર આચરી પોતાના ઘર ભરતા વર્ષોથી રાજ કરતા આવા નેતાઓ સામે તપાસ એજન્સીઓને તપાસના આદેશ આપી તેમની તિજોરીઓ ખોલી આવા અધિકારીઓ - પદાધીકારીઓ ની સાંઠગાંઠ રચી પ્રજાજનોના લૂંટેલા નાણા પાછા મેળવી તેમને પણ તેમના સાથી અધિકારીઓ સાથે જેલમા ધકેલવા જોઇએ તેવી માંગણી કોંગી નેતાઓએ કરી છે.



## સ્કુટર વગરના લોકો બંગલા બનાવવા લાગ્યાઃ ગાયત્રીબા વાઘેલા, અતુલ રાજાણીની સટાસટી


# સાગઠિયાની કાળી કમાણી છતી થઈ!

## ઓફિસમાંથી ૩ કરોડ રોકડ, ૧ તોલા પગાર સામે ૨૨ કિલો સોનું ને અઢી કિલો ચાંદી મળી, ૧૦.૫૫ કરોડની બેનામી સંપત્તિ

ભારત હેડલાઈન, તા.૨

રાજકોટ મહાનગર પાલિકાના તત્કાલીન ટીપીઓ અને TRP ગેમ ઝોન અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયાની ઓફિસ ખાતે સીલ ખોલી સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫ કરોડ રૂપિયાનું ૨૨ કિલો સોનું, ૨ લાખ રૂપિયાની અઢી કિલો ચાંદી, ૮.૫૦ લાખની ડાયમંડ જ્વેલરી, ૩,૦૫,૩૩,૫૦૦ રોકડ રકમ, જુદા જુદા દેશોની ચલણી નોટો જેની ભારતીય કિંમત ૧,૮૨,૦૦૦ રૂપિયા, સોનાના પટ્ટાવાળી ૨ ઘડિયાળ તથા અન્ય ૬ કિંમતી ઘડિયાળ કિંમત આશરે ૧,૦૩,૧૦૦ રૂપિયા થાય છે. આ તમામ વસ્તુઓ કબ્જે કરવામાં આવી છે. રાજકોટ અપ્રમાણસર મિલકતના ગુનામાં મનપાના તત્કાલિન ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાની એસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

એસીબીએ ગઈકાલે મનસુખ સાગઠિયાનો જેલમાંથી કબ્જો મેળવી તેની ઓફિસમાંથી ઝડતી કરી તપાસ દરમિયાન સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ સહિત કુલ રૂ.૧૮ કરોડથી વધુની અપ્રમાણસર મિલકત મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મનસુખ સાગઠિયા વિરૂદ્ધ લાંચ રૂશ્વત વિરુધી બ્યુરો દ્વારા પ્રાથમિક તપાસ દરમિયાન ૧૦.૫૫ કરોડથી વધુની અપ્રમાણસર મિલકતનો ગુનો રાજકોટ શહેર એસીબી પોલીસ સ્ટેશન ખાતે ભ્ર.નિ.અધિ.૧૯૮૮ (સુધારા-૨૦૧૮)ની કલમ ૧૩(૧)(બી), ૧૩(૨) મુજબનો ગુનો તા.૧૯.૬.૨૦૨૪ના રોજ સરકાર તરફે દાખલ થયો હતો. આ ગુનાની તપાસ દરમિયાન આરોપીનો મધ્યસ્થ જેલ રાજકોટથી કબ્જો મેળવી આરોપીની ગઈકાલે ૭.૫૦ વાગ્યે અટકાયત કરી હતી. આરોપી મનસુખ સાગઠિયાને સાથે રાખી તેના ભાઈની માલિકીની અને આરોપીના કબ્જા ભોગવટાની રાજકોટ ખાતે ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર આવેલ ટ્વીન સ્ટાર ટાવરના નોર્થ બ્લોકમાં ઓફિસ નં. ૯૦૧ની ઓફિસના દરવાજા ઉપર ક્રાઈમ બ્રાન્ચ તથા એસીબી દ્વારા સીલ કરી હતી. આ ઓફિસની તપાસ કરવા



આરોપીને સાથે રાખી રાજકોટ એકમના અધિકારીઓ તથા ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સાથે પંચો રૂબરૂ તપાસ કરતા નીચે મુજબ સોના, ચાંદીના દાગીના તથા રોકડ ચલણી નોટો મળી આવ્યા છે.રાજકોટ એસીબીમાં મહાનગરપાલિકાના ક્લાસ વન અધિકારી તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા વિરુદ્ધ અપ્રમાણસર મિલકત અંગે ફરિયાદ નોંધાઈ હતી. આ દરમિયાન ગઈકાલ રાતથી રાજકોટ એસીબી ટીમ દ્વારા રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ ટ્વીન સ્ટાર ઓફિસમાં સીલ ખોલી સર્ચ કરવામાં આવતા ૫ કરોડની રોકડ રકમ તેમજ કરોડોની કિંમતનું સોનું મળી આવ્યું છે. એસીબી દ્વારા ઓફિસ ખાતેથી ૩ જેટલાં બોક્સમાં રૂપિયા, સોનું, એક મોટી તિજોરી, સોનાના દાગીના, પ્રિન્ટર સહિત અનેક દસ્તાવેજો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે સાગઠિયાની તપાસમાં શું નવા ખુલાસા થશે તે જોવું મહત્ત્વનું રહેશે.

# દક્ષિણ, સૌરાષ્ટ્ર બાદ હવે ઉત્તરનો વારો

## બનાસકાંઠાના લાખણીમાં માત્ર ૮ કલાકમાં જ ૯ ઈંચ વરસાદ, અમદાવાદ-મહેસાણામાં સાંજ પછી ધોધમાર

ભારત હેડલાઈન, તા.૨

રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. વહેલી સવારે દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસ્યા બાદ હાલ ઉત્તર ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ આપ્યું છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર અને મધ્યના જિલ્લામાં ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે. બનાસકાંઠાના લાખણીમાં ૨ કલાકમાં જ ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. રાજ્યના ૧૬૯ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ લાખણીમાં સવા ૯ ઈંચ વરસાદ વરસ્યો છે. ત્યારે હવે અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં સામાન્યથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સુરત જિલ્લામાં ભારે વરસાદના કારણે ઓલપાડ,માંડવી, પલસાણા અને બારડોલી તાલુકાઓના ૩૩ રસ્તાઓ બંધ કરાયા છે. છેલ્લા ચોવીસ કલાકમાં પડેલા ભારે વરસાદના કારણે જિલ્લામાં ઓવર ટોપીંગ, લો-લેવલ કોઝવે ઓવર ટોપીંગના કારણે માર્ગ અને મકાન પંચાયત હસ્તકના ઓલપાડના છ, માંડવીના ત્રણ, પલસાણાના ચાર અને બારડોલીના ૨૦ મળી કુલ ૩૩ રસ્તાઓ બંધ



કરવામાં આવ્યા છે. પોરબંદર સહિત રાજયભરમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂરની પરિસ્થિતિ જોવા મળી રહી છે. પોરબંદર જિલ્લામાં પણ ભારે વરસાદને કારણે જળશાયોમાં નવા નીર આવ્યા છે. ઘેડ પંથકમાં ભાદર અને ઓઝતના પાણી ફરી વળતા અનેક ગામો બેટમાં ફરવાયા છે અને એકબીજા ગામોને જોડતા રસ્તા બંધ થયા હતા.સવારથી ૯ ઈંચ થી વધુ લાખણીમાં ખાબકી ચૂક્યો છે. ફરી એકવાર વરસાદની શરૂઆતથી જનજીવન પ્રભાવિત. ઠેર-ઠેર પાણી ભરાયા.

## જૂનાગઢ જિલ્લામાં વરસાદે સર્જી તારાજી, દામોદર કુંડમાં ઘોડાપૂર, માણાવદરમાં સૌથી વધુ ૧૬ ઈંચ

જૂનાગઢ જિલ્લામાં ૧૫ ઈંચ વધુ વરસાદ નોંધાયો છે. જેના કારણે અનેક ગામોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગામમાં ભારે વરસાદને પગલે ૫૦ રસ્તાઓ બંધ રાખવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે માણાવદર તાલુકામાં સૌથી વધુ ૧૬ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. વંથલીમાં ૧૪ ઈંચ, વિસાવદરમાં ૧૩.૫ ઈંચ, કેશોદમાં ૧૦ ઈંચ, મેંદરડામાં ૭.૫ ઈંચ, માળિયા હાટીના, ભેંસાણમાં ૬.૫ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

### ૬૦૦થી વધુ બાળકોનું નિદાન કરી અને ૨૫૦૦ની કિંમતની ડાયાબિટીસ કીટ ભેટ અપાઈ

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના ૨૧મી વર્ષગાંઠની કરાઈ અનોખી ઉજવણી

## વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમાર મહારાજ, જાણીતા ક્રિકેટર જયદેવ ઉનડકટ, મિસ બ્રાન્ડ ઈન્ડિયા પ્રાચી નાગપાલ, ફિલ્મ અભિનેત્રી ઐશ્વર્યા સખુજાને મોમેન્ટ આપીને સન્માનિત કરાયા

ભારત હેડલાઈન, તા.૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડાયાબિટીસ બાળકો માટે ૨૧ વર્ષથી કાર્યરત જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ડાયાબીટીસ બાળકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. સંસ્થાના ૨૧ માં સ્થાપના દિવસે ટાઈપ ૧ ડાયાબિટીસ બાળકો માટે ચેક અપ અને અવેરનેસના કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે વીવાઈઓ સંસ્થાના સંસ્થાપક વલ્લભકુલભૂષણ વૈષ્ણવચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમાર મહારાજ ઉપસ્થિત રહીને બાળકોને તેમના વાલીઓને મંગલ આશિષ પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જ વિશેષ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ટાઈપ વન ડાયાબિટીસ પીડિત બાળકોના જીવનમાં ઉજાસ રૂપી તેજ પથરાય તે માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. તેમજ વલ્લભ સ્કૂલ ભૂષણ



વૈષ્ણવવાચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજ કુમાર મહારાજનું હાર પહેરાવી અને સાલ ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું. જાણીતા ક્રિકેટ જયદેવ ઉનડકડ અને મિસ બ્રાન્ડ ઈન્ડિયા પ્રાચી નાગપાલ અને ફિલ્મ અભિનેત્રી ઐશ્વર્યા સખૂજાને મોમેન્ટ આપીને સન્માનિત કર્યા હતાં. ઉપસ્થિત અતિથિ વિશેષ દ્વારા તત્વજ્ઞાન બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ કેમ્પમાં ટાઈપ વન બાળકોને ૨૫૦૦ રૂપિયાને મૂલ્યની ડાયાબિટીસ કીટ આપવામાં આવી હતી.

ત્યારબાદ ડાયાબિટીસથી પીડિત બાળકો માટે નિઃશુલ્ક મેગા ચેકઅપ કેમ્પ અને એવરનેસ કેમ્પની સાથે બાળકો અને પરિવારજનો માટે બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાતાઓ દ્વારા દાનની વણઝાર કરવામાં આવી હતી. જેમાં પ્રભુદાસભાઈ પારેખ શિલ્પા જ્વેલર્સ દ્વારા પાંચ લાખ, કમલનયનભાઈ સોજીત્રા ફાલ્કન પંપ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એક લાખ, શંભુભાઈ પરસાણા દ્વારા ત્રણ મહિના માટે ૫૦ બાળકોને દતક લેવામાં આવ્યા હતા. તેમજ જયેશભાઈ ઝવેરી મુંબઈથી એક લાખ, દિવ્યરાજસિંહ જાડેજા એક લાખ, હંસાબેન ઝવેરી મુંબઈથી એક લાખ, હેમંતભાઈ પટેલ દ્વારા ૫૫૫૫૫, ફર્ન હોટલ સંજયભાઈ ચંડી ભમમર દ્વારા ૧૧૧૧૧, ક્રિકેટર જયદેવ ઉનડકટ દ્વારા ૫૧૦૦૦ સહિતના દાતાઓ દ્વારા અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ સહિત રાજ્યભરમાં શનિવાર સુધી રેશનકાર્ડની ઓનલાઈન સેવાઓ ઠપ્પ!

ભારત હેડલાઈન, તા.૨

રાજકોટ સહિત રાજ્યભરમાં આજથી રેશનકાર્ડને લગતી તમામ ઓનલાઈન સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. અને આ સેવા આગામી તા.૬ને શનિવાર સુધી બંધ રહેનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે પુરવઠાનાં જૂના સર્વરમાં ડેટાનો વ્યાપક ભરાવો થઈ જતા પૂરવઠા તંત્રએ સર્વર પર ડેટાબોઝ અપગ્રેડ કરવાનું આજથી શરૂ કર્યુ હોય તા.૬ સુધી રેશનકાર્ડની ઓનલાઈન કામગીરી બંધ રહેનાર છે. દરમ્યાન રેશનકાર્ડને લગતા ડેટાબેઝ અન્ય સર્વર પર માઈગ્રેટ કરવાનો હોવાથી તા. ૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળા દરમિયાન રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે. તેમના જણાવાયા મુજબ, રેશનકાર્ડ ધારકોને હાલાકીનો સામનો ના કરવો પડે તે હેતુથી સર્વર પર ડેટાબેઝ અપડેટ કરવા અંગે નાયબ નિયામક અન્ન અને નાગરિક પૂરવઠા કચેરી-ગાંધીનગર તરફથી સૂચના આવી છે કે, હાલમાં રેશનકાર્ડને લગતો જૂનો ડેટાબેઝ સર્વર પર રહેલો છે. જેથી તા.૨થી ૬ જુલાઈ સુધીના સમયગાળામાં રેશનકાર્ડને લગતી સિસ્ટમ માઈગ્રેટ-મેઈન્ટેનન્સ હેઠળ હોવાથી, આ સમયગાળામાં રેશનકાર્ડને લગતી ઓનલાઈન સેવાઓ બંધ રહેશે. આ બાબતની નોંધ તમામ વ્યાજબીભાવની દુકાનના સંચાલકો તથા રેશનકાર્ડ ધારકોને લેવા જણાવાયું છે.

# દબાણ હટાવ શાખાએ સપ્તાહમાં ૩૩ રેકડી અને કેબિન જપ્ત કરી

## ૧૦૩ જેટલા બોર્ડ, બેનરો પણ ઉપાડયાઃ રૂ.30 હજારનાં દંડની વસુલાત

ભારત હેડલાઈન, તા.૨

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૨૩/૬ થી ૩૦/૬ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જ્યુબેલી માર્કેટ, જામનગર રોડ, ગુંદાવાડી, ગાયત્રીનગર મેઈન રોડ,આહીર ચોક મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,ભીમનગર મેઈન રોડ,રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૩૩ રેકડી/ કેબીન જપ્ત કરવામાં આવી હતી,

જ્યોતિનગર, નાણાવટી ચોક, પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક, અર્ટીકા, રવિરત્ન પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિટલ ચોકડી પરથી જુદીજુદી અન્ય ૧૩૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જંક્શન રોડ, જ્યુબેલી, પંચાયત ચોક, રામાપીર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ, માધાપર રિંગ રોડ, લક્ષ્મિનગર નાલા પાસેથી ૧૭૩ કિલો શાકભાજી/ ફળ જપ્ત કરવામાં આવેલ.

પુષ્કરધામ મેઈન રોડ, નાણાવટી ચોક, રૈયા રોડ, નંદનવન, મવડી વિસ્તાર, મટકી ચોક, સ્વામીનારાયાણ ચોક પરથી રૂ.૨૭,૫૨૫/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ, અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદબંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૪૩,૦૦૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

# અગ્નિકાંડમાં એક શબ્દ ન બોલનારા ભાજપે રેલી કાઢી!: રાજકોટમાં રાહુલ ગાંધીનો વિરોધ

- BJP કાર્યકરોએ જિલ્લા પંચાયત ચોકથી કોંગ્રેસ કાર્યાલય સુધી સૂત્રોચ્ચાર કર્યા, પોલીસે સુરક્ષા પૂરી પાડી

ભારત હેડલાઇન, તા.૨

લોકસભામાં રાહુલ ગાંધીએ હિન્દુઓ હિંસક છે, તે પ્રકારના કરેલા નિવેદનથી આજે દેશભરમાં ભારતીય જનતા પક્ષ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. તેના પગલે આજે રાજકોટમાં શહેર યુવા ભાજપના કાર્યકર્તાઓ દ્વારા જિલ્લા પંચાયત ચોકથી કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચી રાહુલ ગાંધી હાય હાયના નારા લગાવ્યા હતા અને રાહુલ ગાંધી હિન્દુઓની માફી માગે અન્યથા ભારત છોડી ઈટલી ચાલ્યા જાય તેવા સૂત્રો પોકાર્યા હતા.

શહેર ભાજપ પ્રમુખની આગેવાનીમાં આજે ભાજપનાં યુવા કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સમયે કોંગ્રેસ કાર્યાલયે રાહુલ ગાંધી હાય હાયના નારા સાથે વિરોધ પ્રદર્શન કરતા ભાજપના કાર્યકર્તાઓની અટકાયત કરવાને બદલે સુરક્ષા સાથે ભાજપ કાર્યાલયે લઈ જવાતા આશ્ચર્ય જનમ્યું હતુ. આ વિરોધમાં મેયર પણ હાજર રહ્યાં હતા. ઉલ્લેખનીય છે કે, અગ્નિકાંડમાં એક શબ્દ ન બોલનારા રાજકોટ ભાજપે રેલી યોજી હતી. પીડિતોને ન્યાય અપાવવા એક પણ કાર્યક્રમ કર્યો નથી.

રાજકોટ સહિત દેશભરમાં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા રાહુલ ગાંધીનો વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

ભાજપના કાર્યકર્તાઓ કોંગ્રેસ કાર્યાલય પહોંચ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. જ્યાં રાહુલ ગાંધી હાય હાય અને જયશ્રી રામના નારા લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાની સાથે ધારાસભ્ય રમેશ ટિલાળા સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા. જોકે, આ સમયે પોલિસે ભાજપ કાર્યકર્તાઓની અટકાયત કરવાને બદલે તેમને સુરક્ષા સાથે ફરી ભાજપ કાર્યાલયે લઇ જવાતા આશ્ચર્ય જનમ્યું હતુ.




## 'રાહુલ ગાંધી હિન્દુઓની માફી માંગે'

રાજકોટ શહેર યુવા ભાજપના પ્રમુખ કિશન ટીલવાએ જણાવ્યું હતું કે, લોકસભામાં ગઈકાલે રાહુલ ગાંધી દ્વારા એવું નિવેદન આપવામાં આવ્યું હતું કે હિન્દુઓ હિંસક છે અને હિંસા ફેલાવે છે. રાહુલ ગાંધીએ લોકસભામાં ગઈકાલે પુરવાર કરી દીધું કે તેઓ હિન્દુ વિરોધી છે. જેનાથી દેશ વિદેશમાં રહેતા હિન્દુઓની લાગણી દુભાઈ છે. જેથી રાહુલ ગાંધી હિન્દુઓની માફી માંગે. જે નિવેદન અશોભનીય છે, જેથી અમે તેને વખોડીએ છીએ.

# રાજકોટમાં રસ્તાના ધોવાણ શરૂ થઇ ગયા : પૂર્વ ઝોનથી માંડી પશ્ચિમ ઝોનના છેડા સુધી ખાડા રાજ





ભારત હેડલાઇન, તા.૨

શનિથી સોમવાર ધીમો વરસાદ વરસ્યો છે. સૌરાષ્ટ્રભરમાં શ્રીકાર મેઘસવારી ચાલે છે ત્યારે રાજકોટમાં હજુ જમાવટ થતી નથી. પરંતુ શહેરના જુદા જુદા વિસ્તારોના અનેક રસ્તા પર નજર કરીએ તો અનેક જગ્યાએ ડામર રોડ ધોવાઇ ગયાના દ્રશ્યો જોવા મળે છે. હજુ તો ચોમાસુ શરૂ થયું છે ત્યાં રસ્તામાં ખાડાની હાલત વધી ગઇ છે.ગઇકાલે પૂર્વ ઝોનમાં વરસાદી પાણીના નિકાલની ચકાસણીમાં ગયેલા કમિશ્નર ખુદ પાણી ભરેલા ખાડામાંથી પસાર થયા હતા. શહેરમાં પૂર્વ ઝોનના ખુણાથી માંડી પશ્ચિમ ઝોનના ખુણા સુધી રસ્તા ધોવાઇ ગયેલા જોવા મળે છે. મોરબી રોડ પર ભગવતીપરામાં રસ્તા ભાંગેલા દેખાય છે. કાલાવડ રોડ, કેકેવી ચોક, રાજનગર ચોકના રસ્તા પર આ રીતે ખાડા થઇ ગયેલા જોવા મળે છે. અનેક જગ્યાએ પેચવર્ક પણ ધોવાયા છે. તો ઘણી જગ્યાએ વરસાદમાં રોડનું અધુરૂ કામ મૂકીને કોન્ટ્રાકટર ભાગી ગયાનું દેખાયું છે. મધ્ય રાજકોટમાં ત્રિકોણબાગ, રૈયા રોડ, ભકિતનગર રોડ પર પણ ખાડા છે.

અનેક જગ્યાએ તો ખાડામાં પડેલું વરસાદી પાણી વાહન ચાલકોને જોખમમાં મૂકી દે છે. આ સંજોગોમાં તાત્કાલીક હંગામી ધોરણે ખાડા બુરવાની વ્યવસ્થા પણ દર વર્ષની જેમ કરવાની જરૂર હોવાનો મત છે. હાલ તો રાજકોટમાં ખાડાઓનો સર્વે કરી તાત્કાલીક આવા રસ્તા સલામત કરવાની જરૂર હજારો વાહન ચાલકોને લાગી રહી છે.

# જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનના ૨૧મી વર્ષગાંઠની કરાઈ અનોખી ઉજવણી

## વૈષ્ણવાચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમાર મહારાજ, જાણીતા ક્રિકેટર જયદેવ ઉનડકટ, મિસ બ્રાન્ડ ઈન્ડિયા પ્રાચી નાગપાલ, ફિલ્મ અભિનેત્રી ઐશ્વર્યા સખુજાને મોમેન્ટ આપીને સન્માનિત કરાયા

ભારત હેડલાઇન, તા.૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ડાયાબિટીસ બાળકો માટે ૨૧ વર્ષથી કાર્યરત જુવેનાઇલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ડાયાબીટીસ બાળકો માટે આશીર્વાદરૂપ બની રહી છે. સંસ્થાના ૨૧ માં સ્થાપના દિવસે ટાઈપ ૧ ડાયાબિટીસ બાળકો માટે ચેક અપ અને અવેરનેસના કાર્યક્રમનું આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે વીવાઈઓ સંસ્થાના સંસ્થાપક વલ્લભકુલભૂષણ વૈષ્ણવચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજકુમાર મહારાજ ઉપસ્થિત રહીને બાળકોને તેમના વાલીઓને મંગલ આશિષ પાઠવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં જ વિશેષ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ટાઈપ વન ડાયાબિટીસ પીડિત બાળકોના જીવનમાં ઉજાસ રૂપી તેજ પથરાય તે માટેની પ્રાર્થના કરવામાં આવી હતી. તેમજ વલ્લભ સ્કૂલ ભૂષણ વૈષ્ણવવાચાર્ય ગોસ્વામી ૧૦૮ વ્રજરાજ કુમાર મહારાજનું હાર પહેરાવી અને સાલ ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું. જાણીતા ક્રિકેટ જયદેવ ઉનડકડ અને મિસ બ્રાન્ડ ઇન્ડિયા પ્રાચી નાગપાલ અને ફિલ્મ અભિનેત્રી ઐશ્વર્યા સખૂજાને મોમેન્ટ આપીને સન્માનિત કર્યા હતાં. ઉપસ્થિત અતિથિ વિશેષ દ્વારા તત્વજ્ઞાન બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ કેમ્પમાં ટાઈપ વન બાળકોને ૨૫૦૦ રૂપિયાને મૂલ્યની ડાયાબિટીસ કીટ આપવામાં આવી હતી. ત્યારબાદ ડાયાબિટીસથી પીડિત બાળકો માટે નિઃશુલ્ક મેગા ચેકઅપ કેમ્પ અને એવરનેસ કેમ્પની સાથે બાળકો અને પરિવારજનો માટે બપોરના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દાતાઓ દ્વારા દાનની વણઝાર કરવામાં આવી હતી. જેમાં પ્રભુદાસભાઈ પારેખ શિલ્પા જ્વેલર્સ દ્વારા પાંચ લાખ, કમલનયનભાઈ સોજીત્રા ફાલ્કન પંપ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એક લાખ, શંભુભાઈ પરસાણા દ્વારા ત્રણ મહિના માટે ૫૦ બાળકોને દતક લેવામાં આવ્યા હતા. તેમજ જયેશભાઈ ઝવેરી મુંબઈથી એક લાખ, દિવ્યરાજસિંહ જાડેજા એક લાખ, હંસાબેન ઝવેરી મુંબઈથી એક લાખ, હેમંતભાઈ પટેલ દ્વારા ૫૫૫૫૫, ફર્ન હોટલ સંજયભાઈ ચંડી ભમમર દ્વારા ૧૧૧૧૧, ક્રિકેટર જયદેવ ઉનડકટ દ્વારા ૫૧૦૦૦ સહિતના દાતાઓ દ્વારા અનુદાન અર્પણ કરવામાં આવ્યું હતું.

**૬૦૦થી વધુ બાળકોનુ નિદાન કરી અને ૨૫૦૦ની કિંમતની ડાયાબિટીસ કીટ ભેટ અપાઈ**



# રણછોડદાસજીબાપુ આશ્રમ ખાતે ગુપ્ત નવરાત્રી નિમિતે શનિવારથી શ્રીરામચરિત માનસના પાઠ

- રામવિવાહ સહિતના ઉત્સવો તેમજ સંતો માટે દરરોજ બાલભોગ, ભંડારો અને ભોજનનું આયોજન



ભારત હેડલાઇન, તા.૨

સદ્દગુરૂ સદન ટ્રસ્ટ દ્વારા પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ ખાતે અષાઢ માસમાં ગુપ્ત નવરાત્રી નિમિતે તા. ૬ થી ૧૪ સુધી શ્રીરામ ચરિત માનસજીના સમુહ નવાહ પાઠનું આયોજન કરાયુ છે. તા. ૬ ના શનિવારે નીજ મંદિર હોલમાં પાઠનો પ્રારંભ કરાશે. પાઠ દરમિયાન તા. ૭ ના રવિવારે સવારે ૧૧ વાગ્યે શ્રીરામ જન્મોત્સવ, તા. ૮ ના બપોરે ૧૧.૧૫ કલાકે શ્રીરામ વિવાહ, તા. ૧૪ ના સવારે શ્રીરામરાજયાભિષેક ઉત્સવ ઉજવાશે. તેમજ એજ દિવસે સવારે ૯ વાગ્યાથી લઘુરામ યજ્ઞ પ્રારંભ થશે. બપોરે ૧.૩૦ વાગ્યે પુર્ણાહુતી થશે. વ્યાસપીઠ પર ચિત્રકુટધામવાળા પૂ. શ્રી પ્રભુદાસજી અગ્નિહોત્રી વ્યાસજી બીરાજી સંગીતમય શૈલીમાં નવાહપાઠનું રસપાન કરાવશે. આ પાઠ દરમિયાન સવારે ૭ થી ૮ બાલભોગ દર્શન બપોરે ૧૨ વાગ્યે ભંડારા દર્શન અને સંત ભગવાનનું બ્યાવરૂ ભોજન રાત્રે ૮ વાગ્યે કરાવાશે. સંત ભગવાનની સેવામાં નારણદાસ જેઠાલાલ નથવાણી, મુકતાબેન છગનલાલ વસાણી પરિવાર, રીટાબેન નંદાણી, નરેન્દ્રભાઈ નથવાણી, અજયભાઈ નથવાણી, કિશોરભાઈ જસાણી, અમૃતલાલ મોરારજીભાઈ સેજપાલ હસ્તે ભરતભાઈ સેજપાલ, જાનકીબેન નંદાણી, નવનીતભાઈ કારીયા પરિવાર, રાજુભાઈ પોબારૂ, અનસુયાબેન જયંતિલાલ અકોલા યુ.એસ.એ., પ્રકાશભઈ સખીયા, દેવયાનીબેન હિંડોચા, નિલાંગભાઈ ઢોલરીયા, ભરતભાઈ રાજદેવ, જયોતિબેન પોપટ, ડો. સંદીપ ઘેટીયા, જનકભાઈ રાજા મુંબઈ, ભરતભાઈ શાહ મુંબઈ, નીરવભાઈ શુકલા યુ.કે., રાજુભાઈ હિંડોચા, ધીરેન્દ્રભાઈ ધુલીયા, ભાર્ગવ પટેલ યુ.એસ.એ., હિનાબેન પટેલ, વિજયભાઈ તના, વાપી, રજનીભાઈ ઈડાર, મેહુલભાઈ કુંડલીયા, પલ્લવીબેન દાવડા, ભાવેશભાઈ નાથાણી, લાલજીભાઈ સલોરોયા, ધીરૂભાઈ ઠુમ્મર સહભાગી થયા છે.

# રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન દ્વારા સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી વિતરણ કરાઈ





ભારત હેડલાઇન, તા.૨

રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના સંસ્થાપક પૂ. શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસ સ્વામીની ૧૨૩ મી જન્મ જયંતી અષાઢી બીજ રથયાત્રાના દિવસે આવતી હોય તેમના સામાજિક કાર્યોની સ્મૃતિમાં રાજકોટ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન દ્વારા અનેરી સામાજિક સેવા કરી શાસ્ત્રીજી મહારાજને ભાવાંજલી અર્પવાનો સંકલ્પ કરાયેલ. પૂ. ગુરુદેવના આવા ઉમદા કાર્યોની પરંપરા ચાલુ રાખી આ વર્ષે ગુરુકુલના સંતો દ્વારા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને સ્કૂલ ડ્રેસ, સ્પોર્ટ્સ ડ્રેસ, સ્કૂલ બેગ, બૂટ, ફૂલ સ્કેપ ચોપડા, સ્ટેશનરી કીટ વિતરણ કરી ગરીબ બાળકો પ્રત્યે લાગણી દર્શાવી હતી.


શ્રી દેવકૃષ્ણદાસ સ્વામી અને મહંત સ્વામી શ્રી દેવપ્રસાદદાસ સ્વામીની પ્રેરણાથી સંતો અને હરિભક્તો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીના સહયોગથી રાજકોટમાં સરકારી સ્કૂલો શાળા નં. ૮૮, ૬૯, ૬૫, ૫૧, ૨૮, ૮, ૨૦ વગેરેમાં અભ્યાસ કરતા ઝૂંપડપટ્ટીના બાળકો તથા ગરીબ ઘરના બાળકોને ઉપરોક્ત વસ્તુ સંતોના હસ્તે વિતરીત કરવામાં આવી હતી. અભિયાનમાં શ્રી સંતવલ્લભ સ્વામી, કૃષ્ણસ્વરૂપ સ્વામી, જ્ઞાનજીવન સ્વામી, આનંદસ્વરૂપ સ્વામી વગેરે સંતો અને આશિષભાઈ સાકરિયા, દિલીપભાઈ સોરઠિયા, નિમિષ મુંગરા વગેરે હરિભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# લાઈબ્રેરીમાં ૬૦ વર્ષ ઉપરના વડીલો, દિવ્યાંગોને ફ્રી સભ્યપદ અપાશે : સ્ટે.ચેરમેન જયમીન ઠાકર

## થેલેસેમીયાગ્રસ્ત અને જુવેનાઈલ ડાયાબીટીસના દર્દીઓને પણ અગ્રતા : પ્રક્રિયા અને નિયમોની કરાઈ જાહેરાત

ભારત હેડલાઇન, તા.૨

રાજકોટમાં મનપાના નવા બજેટમાં કરેલી જાહેરાતનો અમલ સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે શરૂ કરી દીધો છે. તેમાં ૬૦ વર્ષ ઉપરના સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયા, જુવેનાઇલ ડાયાબીટીસના દર્દીઓને લાઈબ્રેરીમાં પુસ્તકનું સભ્યપદ ફીમાં આપવાની અમલવારી શરૂ થઇ ગયાની જાહેરાત તેઓએ કરી છે. વોર્ડ નં.૭માં કેનાલ રોડ સ્થિત શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય તથા ગાંધી મ્યુઝીયમમાં ગાંધી મ્યુઝીયમ લાઈબ્રેરી, વોર્ડ નં.૨ માં શ્રોફ રોડ સ્થિત દતોપંત ઠેંગડી પુસ્તકાલય, વોર્ડ નં.૮ માં નાનામવા સર્કલ પાસે મહિલા એક્ટીવીટી સેન્ટરમાં મહિલા વાંચનાલય, વોર્ડ નં.૯ માં રૈયા રોડ સ્થિત બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી, વોર્ડ નં.૧૪ માં જિલ્લા ગાર્ડનમાં આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર પુસ્તકાલય તથા વોર્ડ નં.-૬ મા ચાણક્ય પુસ્તકાલય, ગોવિંદબાગ શાક માર્કેટ પાસે અને બહેનો તથા બાળકો માટેનાં ફરતા પુસ્તકાલય યુનીટ નં.૧ યુનીટ નં.૨, હાલ કાર્યરત્ત છે. સાથે સાથે વોર્ડ વાઈઝ વિધાર્થિઓ માટે વાંચનાલયો પણ કાર્યરત છે. પદાધિકારીએ જણાવ્યું હતું કે વયસ્ક નાગરીકો (સીનીયર સીટીઝન), દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઇલ ડાયાબીટીસ ગ્રસ્તને પુસ્તકના સભ્યપદ માટે ચુકવવા પાત્ર રકમમાં મુક્તિ આપવામાં આવશે, જેમાં સભ્ય થવાનાં અરજીપત્રક માટેની રકમ (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૫/-માં મુક્તિ, દાખલ ફી (પુસ્તક માટે)ની હાલની ફી રૂ.૧૫/- માં મુક્તિ, માસિક લવાજમ એક પુસ્તકની હાલની ફી રૂ.૮/-માં મુક્તિ તેમજ માસિક લવાજમ બે પુસ્તકની હાલની ફી રૂ.૧૨/- માં મુક્તિ આપવામાં આવશે. ફકત રાજકોટ શહેરમાં વસતા સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઇલ ડાયાબીટીસ ગ્રસ્તને જ લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફી આપવામાં આવશે. સીનીયર સીટીઝન નાગરીકોએ પુસ્તકનું ફી સભ્યપદ મેળવવા માટે સક્ષમ ઓથોરીટી દ્વારા સીનીયર સીટીઝન અંગેનુ પ્રમાણ પત્ર રજુ કરવાનુ રહેશે. દિવ્યાંગ નાગરીકોએ પુસ્તકનુ ફી સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોકટરી પ્રમાણપત્ર મુજબ અંધજનને ૧૦૦% તથા અપંગ અને બહેરા-મુંગા દિવ્યાંગોને મીનીમમ ૪૦% નું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. થેલેસેમીયા ગ્રસ્ત નાગરીકોએ ફપુસ્તકનુ ફી સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોકટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જુવેનાઈલ ડાયાબીટીક નાગરીકોએ ફપુસ્તક્નુ સભ્યપદ મેળવવા માટે માન્ય સરકારી હોસ્પિટલના ડોકટરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઇલ ડાયાબીટીસ નાગરીકોએ આધારકાર્ડ/ઈલેક્શન કાર્ડ અથવા કોઈપણ એક રાજકોટ શહેરના રહેઠાણના પુરાવાની ઝેરોક્ષ નકલ રજુ કરવાની રહેશે. આ સિવાય લાઈબ્રેરીનાં તમામ પ્રકારના સામાન્ય નીતિ અને નિયમો આ ચારેય કેટેગરીને લાગુ પડશે.



# સી.જે. ગ્રુપ દ્વારા ડોક્ટર ડે નિમીતે મેડિકલ કોલેજના સંચાલકો અને ડોક્ટરોનું સન્માન કરાયું

ભારત હેડલાઇન, તા.૨

શ્રી સર્વોતમ હવેલી અને સર્વોતમ સેવા સંસ્થાન રાજકોટ, ૬/૮ - અંબાજી કડવા પ્લોટ, રાજકોટ. ખાતે હવેલીના વૈષ્ણવચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદયએ



આર્શીવચન આપેલ હતા તેમજ તેમના અને રાજકોટ ૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે હિતાર્થ મહેતા (પ્રિન્સીપાલ RHMC), વનરાજભાઈ ગરૈયા પ્રમુખ (બી.જી.ગૈરયા કોલેજ કેમ્પસ), સિદ્ધાર્થભાઈ મહેતા, ટ્રસ્ટી (ગ્લોબલ આયુર્વેદ હોસ્પિટલ), ડો. મિલનભાઈ ત્રિવેદી, પ્રમુખ ચિકિત્સક (ગ્લોબલ આયુર્વેદ હોસ્પિટલ), ડો. ભાર્ગવ મહેતા (આર.કે. યુનિવર્સીટી આયુર્વેદ કોલેજ) નું સન્માન કરવામાં આવેલ હતું. સી.જે. ગ્રુપ રાજકોટની અન્ય સેવાઓ જાણવા માટે પ્રમુખ ચિરાગભાઈ ધામેચા (જલારામ) ૯૪૨૮૨ ૩૧૨૭૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# મહમદીબાગમાં ગૃહકલેશથી કંટાળી ૨૭ વર્ષીય પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

ભારત હેડલાઇન, તા.૨

ગોંડલ હાઈવે પર મહમદીબાગમાં રહેતા ૨૭ વર્ષીય પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતા પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ હાઈવે પર પરિન ફર્નિચરની પાછળ મહમદીબાગમાં રહેતા શાહીનાબેન રિયાઝભાઈ રાઠોડ (ઉ.૨૭)એ પોતાના ઘરે હતા ત્યારે દુપટ્ટા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પરિવારને જાણ થતા તેમને તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત ન નીવડતા તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે તાલુકા પોલીસને જાણ થતા સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં બનાવ અંગે જાણવા મળેલ વિગત મુજબ મૃતકના પતિ રિયાઝ રિક્ષા ચલાવે છે અને સંતાનમાં પાંચ વર્ષની એક પુત્રી છે.

દંપતિ વચ્ચે અવારનવાર થતા ઝઘડાથી કંટાળી પરિણીતાએ અંતિમ પગલુ ભરી લીધાનું પ્રાથમીક તારણ બહાર આવ્યું હતું. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડી૨–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા

# રાજકોટ જિલ્લાનાં ગૌશાળા, પાંજરાપોળોનાં સંચાલકોનું સંમેલન

### સરકારને સબસીડી દૈનિક 30 રૂપિયાની બદલે મોંઘવારીનાં લીધે દૈનિક ૧૦૦ રૂપિયા કરવા રજૂઆત કરાશે

ભારત હેડલાઇન, તા.૨
ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા તા. ૪, જુલાઈ, ગુરુવારે, સવારે ૧૦:૩૦ વાગ્યે, હોટેલ ભાભા, જયુબેલી ગાર્ડનની પાસે, ગાંધી મ્યુઝીયમની સામે, ઢેબર રોડ, રાજકોટ ખાતે રાજકોટ જીલ્લાનાં ગૌશાળા, પાંજરાપોળોનાં સંચાલકોનું સંમેલન રાખવામાં આવ્યું છે. સમગ્ર સૃષ્ટિના જીવરક્ષા માટે ખેતી, પ્રકૃતિ અને ગૌ ધન બચાવવા માટે ગુજરાત સરકાર તરફથી પશુ દીઠ, દૈનિક રૂપિયા 30 સબસિડી આપવામાં આવે છે. પ્રવર્તમાન મોંઘવારીમાં ગૌવંશને બચાવવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીની રકમ ખુબ ઓછી છે. ગૌવંશને બચાવવા માટે ગૌપ્રેમી સરકાર દ્વારા લેવાયેવા પગલાં ખુબ સરાહનીય છે. પરંતુ પ્રવર્તમાન મોંઘવારીમાં તે ખૂબ જ ઓછા છે. સામાન્ય રીતે ગૌ ધન ને બચાવવા માટે સામાન્ય રીતે દરરોજ પશુ દીઠ ૧૦૦ થી રૂપિયા ૧૫૦ નો ખર્ચ થાય છે. સરકાર તરફથી દૈનિક રૂપિયા ૧૦૦ સબસિડી મળે તેવા હેતુથી સમગ્ર ગુજરાતનાં અલગ અલગ જિલ્લામાંથી દરેક ગૌ શાળાના સંચાલકો જોડાય અને જીવદયાપ્રેમી સરકારને વિનમ્ર



રજૂઆત કરવાના હેતુથી સર્વ પ્રથમ રાજકોટ જીલ્લાના અને તાલુકાની ગૌશાળા, પાંજરાપોળોના સંચાલકોને સંમેલનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ગૌશાળા - પાંજરાપોળોને સ્પર્શતા અન્ય પ્રશ્નોની ચર્ચા પણ આ સંમેલનમાં કરવામાં આવશે અને તેના નિરાકરણ માટે પણ યથાયોગ્ય મદદ કરાશે. ગૌશાળા/પાંજરાપોળ અત્યારના સમયમાં ખૂબ મોટા દેણામાં આવી ગઈ છે. પશુધનને સાચવવા માટે ખેતીની જમીન જોઈએ. આ કાર્યક્રમમાં એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડિયાનાં સભ્ય અને સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર સમિતિ સભ્ય મિત્તલ ખેતાણી અને સદભાવના વૃદ્ધાશ્રમનાં પ્રમુખ વિજયભાઈ ડોબરીયાનો સહયોગ મળ્યો છે. સૌ ગૌશાળા પાંજરાપોળોનાં સંચાલકોને હાજરી આપવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટનાં પ્રમુખ દિલીપભાઈ સખિયા દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

સંમેલનમાં વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, લલિતભાઈ વોરા, ચંદ્રેશભાઈ પટેલ, પ્રતિકભાઈ સંઘાણી, પારસભાઈ મહેતા, ધીરેન્દ્રભાઈ કાનાબાર, ડો. પ્રભુદાસભાઈ તન્ના, કુમારપાળ શાહ, રમેશભાઈ જેતાણી, શેતુરભાઈ દેસાઈ, પરેશભાઈ જોષી, ભરતભાઈ ભુવા, મનીષભાઈ માયાણી, વિઠ્ઠલભાઈ બાલધા, ભરતભાઈ પીપળીયા, લક્ષ્મણભાઈ શીંગાળા, અશોકભાઈ મોલીયા, રતીભાઈ ઠુંમર, વિશાલભાઈ ચાવડા તેમજ રાજકોટનાં સૌ જીવદયા પ્રેમીઓ, ગૌશાળાઓ - પાંજરાપોળોના સંચાલકો હાજરી આપશે. ગૌશાળા, પાંજરાપોળોનાં સંચાલકોને સંમેલનમાં પધારવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જાહેર આમંત્રણ પાઠવાયું છે. આ અંગેની વિશેષ માહિતી માટે દિલીપભાઈ સખીયા મો. ૯૪૨૭૨ ૦૭૮૬૮, દિનેશભાઈ પટેલ મો. ૯૮૨૪૨ ૩૮૭૮૫નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું આવ્યું છે.

# નયન અને મૃણાલિની ભટ્ટ દ્વારા 'એક તારો આધાર' ભક્તિ સંગીત સમારોહમાં જમાવટ

### ગાયક કલાકાર ગીતા ચૌહાણ, ઉર્વશી પંડયા, સંદિપ પ્રજાપતિ, કુમાર પંડયા સહિતનાએ કલા પ્રસ્તુતિ કરી












ભારત હેડલાઇન, તા.૨
ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી આકાર ઈવેન્ટ્સના નયન ભટ્ટ અને મૃણાલિની ભટ્ટ દ્વારા ભકિત સંગીત સમારોહ 'એક તારો આધાર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગાયક કલાકાર ગીતા ચૌહાણ, ઉર્વશી પંડયા, સંદિપ પ્રજાપતિ, કુમાર પંડયા, અનિલ પટેલ અને વાદ્યવૃંદ મનીષ જોષી, વિક્રમ સોલંકી, મિલન પંડયા, જીજ્ઞેશ ગોસ્વામી, કલ્પેશ કાચા સહિતનાઓએ કલા પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમમાં મહેમાન તરીકે જીલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશભાઈ દિહોરા, સમસ્ત બ્રહ્મ સમાજ રાજકોટના મહામંત્રી ડો.અતુલ વ્યાસ તેમજ ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ રાજકોટના પ્રમુખ વિપુલ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નયન ભટ્ટ, મૃણાલિની ભટ્ટ, ચેતન ટાંક, રમીઝ સલાની સહિતનાઓએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી

## PGVCL રાજકોટ રૂરલ અધિક્ષક ઈજનેર તરીકે એચ.ડી.વ્યાસએ ચાર્જ સંભાળ્યો

ભારત હેડલાઇન, તા.૨
PGVCL રાજકોટ રૂરલ સર્કલના અધિક્ષક ઈજનેર તરીકે એચ.ડી.વ્યાસએ ચાર્જ સંભાળતા ગુજરાત ઊર્જા એસ.સી., એસ.ટી. એમ્પ્લોઈઝ એસોસિયેશન દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે એસોસિયેશનનાં પ્રમૂખ ગિરીશભાઈ પરમાર, ઉપ પ્રમુખ બી.ડી. રાઠોડ, મહેન્દ્રભાઈ ચાવડા, જનરલ સેક્રેટરી જે.એમ. સોસા, એકાઉન્ટ ઓફિસર રાજેશભાઈ



કટારા, સુપ્રિ. એકાઉન્ટ ડી. સી. કટારા, કાર્યાલય મંત્રી રાજેશભાઈ ચાવડા, સર્કલ સેક્રેટરી વી.ડી. પરમાર, એમ.કે. વાંજા, અનિલભાઈ સારીખડા વગેરે હાજર રહ્યાં હતાં.

# એઈમ્સ ખાતે કરાઈ ડોકટર્સ ડે ની ઉજવણી

## દર્દીઓની કાળજી રાખવા ડોકટરોને કરાયો અનુરોધ

ભારત હેડલાઇન, તા.૨
એઈમ્સ હોસ્પિટલમાં ૧ જૂલાઈ રાષ્ટ્રિય ડોકટર્સ ડે પર ઉજવણી કરવામાં આવી હતી. આપણે ત્યાં ડોકટર્સને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે જે લાખ્ખો ચહેરાઓ પર ખુશીયો લાવે છે. માણસ પોતાની કટોકટીની પળો વખતે પોતાના સ્વજનો કરતા પણ વધુ ભરોસો ડોકટર પર મૂકે છે. એઈમ્સ હોસ્પિટલના એકઝીક્યુટિવ ડાયરેકટર પ્રો. ડો. કર્નલ સી.ડી.એચ. કટોચના માર્ગદર્શન હેઠળ ડોકટર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એઈમ્સ હોસ્પિટલના તમામ વિભાગોના ડોકટરો જોડાયા હતા. વિશેષ ઉપસ્થિતિમાં એકઝીક્યુટિવ ડાયરેકટર પ્રો. ડો. કર્નલ સી.ડી.એચ. કટોચ ડેપ્યુટી ડાયરેકટર કર્નલ પુનિત અરોરા, ડીન ડો. સંજય ગુપ્તા, ડીન ડો. સિમ્મી મહેરા, ડીન કર્નલ ડો. અશ્વિની અગ્રવાલ, ડડીન ડો. સંજય ગુપ્તા વિગેરે હાજર રહ્યાં હતા. એડમિશન વિભાગના સહકારથી કાર્યક્રમ યોજાયો હતો. એઈમ્સ હોસ્પિટલના એકઝીક્યુટિવ ડાયરેકટર પ્રો. ડો. કર્નલ સી.ડી.એચ. કટોચે પોતાના વકતવ્ય દ્વારા એઈમ્સમાં આવતા તમામ દર્દીઓની કાળજી રાખવી લોકો ડોકટરને ભગવાનનું સ્વરૂપ માને છે ત્યારે આપણે આપણી ફરજ નીષ્ઠાથી દર્દીઓનું ઋણ ચુકવવું જોઈએ તેમ ઉમેર્યુ હતું.

# તાલુકા પોલીસ સ્ટેશન અને રાજકોટ શહેર પોલીસ દ્વારા યોજાયો 'ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી' અનોખો કાર્યક્રમ







ભારત હેડલાઇન, તા.૨

ગુજરાત સરકારશ્રીના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગેત પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજય ગાંધીનગરના ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી ઝુંબેશ અંતગેત પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ તા- ૦૧/૦૭ ના કલાક ૨૧/૦૦ થી કલાક ૨૩/૦૦ દરમ્યાન મોટા મવા સવન સ્ટેટસ એપાર્ટમેન્ટના કોમ્યુનીટી હોલ ખાતે ત્રણ વાત તમારી ત્રણ વાત અમારી કાયેક્રમનું નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨, જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષિણ વિભાગ બી.જે. ચૌધરીનાઓની હાજરીમાં આયોજન કરવામાં આવેલ હતુ. જેમા સવન સ્ટેટસ એપાર્ટમેન્ટ તથા મોટામવા વિસ્તારના આશરે ૧૫૦ જેટલા રહેવાસીઓ હાજર રહેલ હતા.

# જુનીયર (U-17) બહેનોની ફૂટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડિસ્ટ્રીકટની ટીમ



ભારત હેડલાઇન, તા.૨

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા પાટણ ખાતે તા. ૦૪-૦૭ થી તા.૧૨-૦૭ દરમ્યાન રમાનાર જુનીયર (U-17) બહેનોની ફુટબોલ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડિસ્ટ્રીકટની ફુટબોલ ટીમ તા.૦૭-૦૭ ના રોજ સવારના પાટણ જવા રવાના થશે. રાજકોટ પ્રથમ મેચ તા. ૦૮-૦૭ ના રોજ ભરૂચ સામે તથા બીજો મેચ તા.૦૯-૦૭ ના રોજ સુરત સામે રમશે તથા ત્રીજો મેચ તા.૧૦-૦૭ ના રોજ જામનગર સામે રમશે. સેમી ફાઈનલ મેચ તા.૧૧-૦૭ ના રોજ તથા ફાઈનલ મેચ તા.૧૨-૦૭ ના રોજ રમાશે. રાજકોટની ટીમમાં મીતલ સેવરા (કેપ્ટન), આરશી મેમણ (વા. કેપ્ટન), અશ્મા અછનાની, પ્રવિણા પરમાર, ત્રીશા બોદર, હીયા મહેતા, સ્વરા ઉસદાદ, ખુશી મકરાણા, પ્રિન્સી ટીંબડીયા, નેત્રા પઢીયાર, ક્રિશા કોટક, હેત્વી નડીયાપરા, કુંજલ માધાણી, વેદાંશી રાવલ, નૈત્રી સોરઠીયા, નિર્જરા શાહ, અશ્મા ખુંટ, જીયા નથવાણી, માહી સોરઠીયા, ક્રિશ્ના દવે, રીના કોટક (મેનેજર), આશિષ ગુરૂંગ (કોચ) આ ખેલાડીઓને એસોસિએશનના હોદ્દેદારો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# રાજકોટ માર્કેટયાર્ડમાં 'સુકાની' બનવા એકથી વધુ દાવેદાર : ચેરમેનપદ માટે જયેશ બોઘરા તથા પરસોતમ સાવલીયા મેદાને

- **વાઈસ ચેરમેન માટે વેપારી જુથએ કમર કસી : હોદ્દેદારો રીપીટ થશે કે બદલાશે? ભારે ઉત્તેજના**




ભારત હેડલાઇન, તા.૨

રાજકોટ માર્કેટ યાર્ડમાં આગામી શુક્રવારે નવા સુકાનીઓની ચૂંટણી થવાની છે તે પૂર્વે સહકારી રાજકારણમાં ઉત્તેજના છે. ચેરમેન અને વાઈસ ચેરમેન એમ બન્ને પદ માટે એકથી વધુ દાવા પેશ થવાના સંકેતો છે. ઉપરાંત આવતીકાલે સેન્સ પ્રક્રિયા વચ્ચે દાવેદાર જુથો ગાંધીનગરમાં પ્રદેશ નેતાગીરી સમક્ષ પણ રૂબરૂ લોબીંગ કરવાની તૈયારીમાં હોવાના નિર્દેશ છે. રાજકોટના સહકારી રાજકારણમાં લાંબા વખતથી જુથવાદ વચ્ચે પણ જયેશ બોઘરા જુથનો દબદબો રહ્યો છે. ભાજપ દ્વારા સહકારી ક્ષેત્રે પણ મેન્ડેટ પ્રથા દાખલ કરવામાં આવી હોવા છતાં વર્ચસ્વના જોરે તમામ મહત્વની સંસ્થાઓમાં રાદડીયા જુથના આગેવાનોનો જ કબ્જો છે. રાજકોટ જીલ્લા બેંક, લોધિકા સંઘમાં સુકાનીઓ રીપીટ થયા બાદ હવે પાંચમી જુલાઈએ રાજકોટ યાર્ડના નવા હોદેદારોની ચૂંટણી યોજાવાની છે તેમાં પણ વર્તમાન હોદેદારો રીપીટ થાય છે કે કેમ તેના પર ઉત્તેજના છે. શુક્રવારે ચૂંટણી પૂર્વે આવતીકાલે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. નિરીક્ષક તરીકે પ્રદિપ ખીમાણી, હસમુખ હિન્ડોચા સહિત ત્રણ આગેવાનોને નિયુક્ત કરાયા છે. રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ લેવાશે. સૂત્રોના કહેવા પ્રમાણે ચેરમેનપદ માટે વર્તમાન ચેરમેન જયેશ બોઘરા તથા સીનીયર ડાયરેક્ટર પરસોતમ સાવલીયા દાવા પેશ કરે તેવી સંભાવના છે. વાઈસ ચેરમેનપદે હાલ વસંત ગઢીયા છે આ પદ માટે તેઓ ઉપરાંત અન્ય દાવા જ પણ પેશ થઈ શકે છે. ખાસ કરીને વેપારી ડાયરેક્ટરોનું જુથ મેદાને પડવાની ચર્ચા છે. વેપારી કેટેગરીમાં અતુલ કમાણી, સંદિપ લાખાણી, રાજુ થાવરીયા તથા દિલીપ પનારા ડાયરેક્ટર છે. ચારમાંથી કોઈપણ એકને વાઈસ ચેરમેનપદ સોંપવા તેઓ સંયુક્ત રીતે માંગ કરશે, તેઓએ કહ્યું કે ૧૭ વર્ષથી વેપારી જુથને વાઈસ ચેરમેનપદ મળ્યું નથી ત્યારે નવી ટર્મમાં આપવા દાવો કરાશે. દરમ્યાન એવા નિર્દેશ છે કે ચેરમેનપદના દાવેદારો દ્વારા પ્રદેશ નેતાગીરી સમગક્ષ લોબીંગ કરવાની તૈયારી કરવામાં આવી છે. આ માટે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલને રૂબરૂ મળવાની અંદરખાને ચર્ચા થઈ રહી છે.